# આધાફુલ અને બદલીપુરના ચિત્તા



વાર્તા-2

આધાફુલના પરાક્રમોની હજુ ઘણી વાર્તાઓ છે.

**બધી વાંચી નાંખો, એક પણ વાર્તા ચુકાઈ ન જાય.**
















Developed and created by **BBC Media Action**
with support from **UNICEF, DOVE** and **the Centre for Appearance Research**



- નામ : કિટ્ટી
- ઉંમર: 16 વર્ષ
- ધોરણ : અગિયારમું
- ગુણ : જોશ પણ છે અને હોશ પણ
- *કિટ્ટી માટે કશું અશક્ય નથી

કિટ્ટી

# બદલીપુરની 'ટીમ' આધાફુલ



- નામ : અદરક
- ઉંમર : 15 વર્ષ
- ધોરણ : સાતમું સ્કૂલ છોડી દીધી છે
- ગુણ : એક નંબરનો જુગાડૂ
- *અદરક પાસે આઈડિયાનો ભંડાર છે

અદરક



- નામ : તારા
- ઉંમર : 12 વર્ષ
- ધોરણ : સાતમું
- માહિતીનું : હાલતું – ચાલતું પુસ્તક
- *તારા ક્યારેય જૂઠું નથી બોલતી

તારા

ત્રણે બદલીપુરમાં રહે છે. ત્રણેને જાસૂસી કરવાનો બહુ શોખ છે.
બદલીપુરમાં કંઈપણ બને છે તો ત્રણે પહોંચી જાય છે કેસને ઉકેલવા.
આ ત્રણેએ મળીને એક ટીમ બનાવી છે જેનું નામ છે, આધાફુલ.

બદલીપુર સ્કૂલમાં એક જિલ્લા કક્ષાની રમતગમત સ્પર્ધા યોજાવાની છે.




કિટ્ટી જોરશોરથી નિશાનબાજીની પ્રેક્ટિસ કરી રહી છે.




વાહ કિટ્ટી!
આ વખતે તો નિશાનબાજીનું ઇનામ તું જ જીતીશ.
પાયલ છે ત્યાં સુધી એ સહેલું નથી. દર વખતની જેમ, આ વખતે પણ પાયલ જ જીતશે.
બીજા દિવસે સ્કૂલ બૉર્ડ પર રમતગમતમાં ભાગ લેનારા હરીફોનું લિસ્ટ મૂકાયું.
લિસ્ટ જોઇને કિટ્ટી અને તારા ચોંકી ગયા.
અરે, લિસ્ટમાં તો પાયલનું નામ જ નથી.
રેસિંગમાં પાયલના ભાઈ અભયનું નામ પણ નથી.




આવું કેમ બની શકે! જે ભાઈ-બહેન દર વર્ષે પ્રથમ આવે છે તે ભાગ જ નથી લઈ રહ્યા.
હા, અભય તો ચિત્તાની ઝડપે દોડે છે.
પાયલની નજર તો ચિત્તાથી પણ તેજ છે. માટે તો બન્ને ભાઈ-બહેનને બધા બદલીપુરના ચિત્તા કહે છે.




ત્રણે સૌથી પહેલાં પીટી ટીચર પાસે જાય છે અને તેને પાયલ તથા અભય વિશે પૂછે છે.










તેમના રૂમમાં છે. બે દિવસથી સ્કૂલે પણ નથી જતા.
તમે અહીં?
બદલીપુરના ચિત્તા ઘરમાં છુપાયા છે, તો કોઈકે તો આવવું પડશે ને જોવા.
તમે બન્ને સ્પર્ધામાં ભાગ કેમ નથી લઈ રહ્યા?
બદલીપુરના ચિત્તા આ વખતે નહીં રમે?






ગોરી ત્વચાથી મળે છે સફળતા
ફેયરવાળું ક્રીમ
તડકામાં તો કાળી પડી જઈશ.
આ લેપ લગાવી લે, ગોરી બની જઈશ, જેમ જાહેરાતોમાં બતાવે છે. નહીં તો તું જિંદગીમાં ક્યારેય સફળ નહીં થઈ શકે, ન સમીરા કપૂર જેવી સેલિબ્રિટી બની શકીશ.
FAIRNESS FACE PACK
ટીવી અને જાહેરાતોમાં તો બધા મોડેલ્સ અને સ્ટાર્સને ગોરા બતાવે છે અને તે કેટલી સુંદર લાગે છે. મારે પણ તેની જેમ ગોરા દેખાવું છે. એટલે હું સ્પર્ધામાં ભાગ નહીં લઉં.


અને અભય તું?
મમ્મી પાસે જિદ કરીને પૈસા લીધા વાળ સેટ કરાવવાના.
હવે જો હું દોડું તો પરસેવો થશે અને વાળ ખરાબ થઈ જશે.
બધા પૈસા પાણીમાં જશે. હીરો જેવો દેખાઈશ ત્યારે જ તો છોકરીઓ મારી સાથે દોસ્તી કરશે.
ટીવીમાં પણ આવું જ આવે છે.
વાળમાં જેલ લગાવો મિત્રો જ મિત્રો બનાવો.
જેલ




એટલા માટે જ અમે બન્ને સ્પર્ધામાં ભાગ નથી લઈ રહ્યા.
અને સ્કૂલે પણ નથી જતા.
પરંતુ પાયલ અને અભય તમે જેવા દેખાવા ઈચ્છો છો, તે જ આદર્શ રૂપ છે, એવી સમજ આપણને સમાજ પાસેથી જ મળે છે.
પરંતુ કાળી પડી ગઈ તો! આજુબાજુના લોકો પસંદ નહીં કરે.


જો તમે ટીવી અને જાહેરાતોના પ્રભાવમાં આવીને પોતાના રંગ-રૂપ અને શરીરના આકાર પર ધ્યાન આપતા રહેશો તો તમે મજા નહીં માણી શકો. જેમ કે તમારા મિત્રોને નહીં મળી શકો અને કોઇ સ્પર્ધામાં ભાગ પણ નહીં લઈ શકો.
આપણે લોકોને તેમની વિશિષ્ટતાઓના કારણે પસંદ કરીએ છીએ નહીં કે તેમના લુક્સ એટલે કે રંગ-રૂપના કારણે. કહો, તમારા મનગમતા ટીચર કોણ છે?
રોશની મૅમ
શા માટે છે ફેવરિટ?
કારણ કે તે મારું ધ્યાન રાખે છે, દરેક પાઠ સારી રીતે સમજાવે છે.




કારણ કે તે મજાક પણ કરે છે.
હા હા હા
તો તેનો અર્થ એ થયો કે રોશની મૅમ કેવાં દેખાય છે, તેનાથી ફરક નથી પડતો, રાઈટ?
તો પછી વાળની ચિંતા શા માટે કરવી? જ્યારે તમને લોકો લુક્સના કારણે નહીં, ગુણોના કારણે પસંદ કરશે.
અને લોકો શું કહેશે, તેવું વિચારીને ખુદને પરેશાન ન કરો.


અભય, પાયલ આ વાત સાંભળીને સ્મિત કરે છે. તેમને આધાકુલની વાત સમજાઈ જાય છે.
તમે બધા સાચું કહો છો કે આપણે આપણા રંગ-રૂપ પર સમય, પૈસા અને ખુશી ન ગુમાવવી જોઈએ. જેને લોકો આદર્શ રૂપ કહીને પ્રચારિત કરે છે, તેવા દેખાવા માટે દબાણમાં ન આવવું જોઈએ.
હવે કહી ને મુદ્દાની વાત!




બીજા દિવસે અભય વાળની ચિંતા કર્યા વિના ચિત્તાની જેમ ભાગે છે અને બધાને પાછળ રાખે દે છે.
પાયલનું નિશાન પણ સચોટ લાગે છે.
ઢિશક્યાઉં
5
6
ઠક્ક
બન્ને ભાઈ-બહેન પ્રથમ આવે છે અને બધા લોકો તેમને તાળીઓથી વધાવે છે.








## વાર્તાનો બોધપાઠ

### આ વાર્તામાંથી તમે શું શીખ્યા?

ટીવી અને જાહેરાતોમાં જેને આદર્શ રૂપ તરીકે દર્શાવવામાં આવે છે, તે આદર્શ રૂપના કારણે આપણે તેમના જેવા દેખાવાનો પ્રયત્ન કરીએ છીએ, જેથી આપણે દબાણ અનુભવીએ છીએ, ઉદાહરણ તરીકે છોકરીઓ ગોરી, પાતળી દેખાવાનું દબાણ અનુભવે છે. છોકરાઓ પર સુદૃઢ દેખાવાનું દબાણ હોય છે.

જેને આદર્શ રૂપ કહેવામાં આવે છે તે મેળવવાનો પ્રયત્ન કરવો નુકસાનકારક છે. આદર્શ રૂપ મેળવવા માટે આપણે પૈસા, સમય અને મનની શાંતિ વેડફી દઈએ છીએ. જે આપણે ગમતાં કામો કરવા માટે વાપરી શકીએ છીએ.

આપણે આપણા ગુણો માટે આપણી જાતની પ્રશંસા કરવી જોઈએ. આપણે આપણી જાતને એ યાદ અપાવવું જોઈએ કે આપણે લોકોને તેમના ગુણો માટે પસંદ કરીએ છીએ નહીં કે તેમના લુક્સ એટલે કે રંગ-રૂપ માટે.

# ચોક્કસ રમો




થોડો સમય કાઢીને વિચારો કે આ વાર્તામાંથી તમે શું શીખ્યા.

નીચે આપેલ લિસ્ટમાંથી એ વાક્યો પસંદ કરો જે દર્શાવે છે કે જેને આદર્શ રૂપ કહેવામાં આવે છે તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો નુકસાનકારક છે.

| |
|---|
| લોકપ્રિયતા વધારવી |
| અન્ય લોકો પ્રત્યે ઈર્ષ્યા અનુભવવી |
| લોકો તરફથી ઘણો પ્રેમ મળવો |
| મિત્રો સાથે સમય ન વીતાવી શકવો |
| પ્રખ્યાત થવું |
| સામયિકો ખરીદવામાં પૈસા ખર્ચવા |
| લુક્સને લઈને દુ:ખી રહેવું |
| વાક્ય બરાબર છે કે નહી તે તપાસો |
| વાળને આકર્ષક બનાવવાની ઘણી બધી સામગ્રી ખરીદવી |



# ઈચ્છા હોય તો આ પણ રમો



થોડો સમય કાઢીને વાર્તામાં દર્શાવેલ રોશની મૅમ વિશે વિચારો કે તે પાયલ અને અભયને શા માટે પ્રિય હતા?

તેમના લુક્સના કારણે
‘અથવા’
ગુણોના કારણે




હવે પછી જ્યારે તમે જેને આદર્શ રૂપ કહેવામાં આવે છે, તે પ્રાપ્ત કરવાનું દબાણ અનુભવો તો તમારા આ ગુણો વિશે વિચારો અને તમારી જાતને યાદ અપાવો કે ગુણોનું મહત્વ લુક્સ કરતાં ઘણું વધુ છે.